કપાઇ જાય ટિકીટમાં, કોઇ કોઇનું નથી!
થાય વ્યક્તિગત પ્રચાર, કોઇ કોઇનું નથી!
પરિણામ પડે ખબર, કોઇ કોઇનું નથી!
આજના રાજકારણમાં, કોઇ કોઇનું નથી!

લોકશાહીમાં -
- 'સત્તા' નથી કોઇનું,
'ઘર નું ઘર'

હેલીકોપ્ટરે
આવી તાંત્રિક ખામી -
ઉડતાં પ્હેલાં..

= (ભાવી નાં સંકેત) =

ચિંતન

બધિરયતિ કર્ણવિવરં વાંચ મૂકયતિ નયનમન્ધયતિ ।
વિકૃતયતિ ગાત્રયષ્ટિ સંપદ્રોમો અયપદ્ભુતો રાજન્ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ - 'ધનનિંદા'માંથી આ શ્લોક લેવામાં આવ્યો છે :

રાજાને ઉદ્દેશી કહે છે કે :

'હે રાજન! આ સંપત્તિરૂપી રોગ તો અદ્ભૂત છે આ રોગમાં કાનનાં છિદ્રો પૂરાઇ જાય છે. બંધ થઇ જાય છે અર્થાત તે કોઇનું કંઇ જ સાંભળતો નથી (અર્થાત્ કોઇની સાચી સલાહ-વાત), વાણી ને મૂંગી કરી નાખે છે એટલે અહમ્ અને અભિમાનમાં કોઇની સાથે બોલતો નથી, આંખને આંધળી કરી નાખે છે. અર્થાત્ તે કોઇ મિત્ર-સગાં-સંબંધી-ગરીબની તરફ જોતો નથી, તેમજ શરીર રૂપી લાકડીને વિકૃત કરી નાખે છે, અક્કડ કરી નાખે છે, બોલવા-ચાલવામાં ગુમાનને કારણે 'અક્કડ' પણું આવી જાય છે.'

ધનના ઘમંડમાં ધનિક એવો છક્કી જાય છે કે કોઇની સાચી સલાહ પણ એને સ્વીકાર્ય હોતી નથી, એ પોતે જે કરે અને કહે એ જ 'સત્ય' એવું માને છે. કોઇનું કંઇ સાંભળતો નથી.

અભિમાનમાં એ ખોટા નિર્ણયો લે છે અને પરિણામે પતનની વિનાશની ખાઇમાં ખાબકે છે. ગૂમાનના પડળને કારણે એને સત્ય દેખાતું-સમજાતું નથી. એ અંધ થઇ જાય છે.

નમ્રતા-વિવેક ગૂમાવે છે. કોઇની સાથે મર્યાદામાં રહીને એ બોલી શકતો નથી.

સંપત્તિના રોગમાં ધનિક રોગી બહેરો-મૂંગો અને અંધ થઇ જાય છે.

સુવિચાર

- શિક્ષણ જ નહિ પણ 'ચરિત્ર્ય' જ મનુષ્ય જીવનની સર્વોચ્ચ આવશ્યકતા છે- **સ્પેન્સર**
- એક ઉત્તમ ચારિત્ર્ય જ આપત્તિઓની અભેદ્ય દિવાલોમાંથી કાઢી લેવા સક્ષમ છે- **વિવેકાનંદ**
- ચરિત્રનો પાયો સત્કર્મ છે, સત્કર્મનો પાયો સત્ય છે - **રોહિત શાહ**
- સમાજ માત્ર કેટલાક ઉચ્ચ કોટીના દર્શનશાસ્ત્રીઓના આધારે નહીં પણ વ્યક્તિગત ચારિત્ર્ય પર આધારિત છે - **ચૈનિંગ**
- શુધ્ધ ચારિત્ર્યના અભાવે કેવળ બૌધિક જીવન-જ્ઞાન સુગંધિત લેપ કરેલું શબ માત્ર જ છે - **ગાંધીજી**
- જો તમે તમારા ચારિત્ર્યની સંભાળ લેશો તો કીર્તિ સ્વયં તમારી સંભાળ લેવા આળશે - **એસ. ભટાચાર્ય**
- ચારિત્ર્ય જે આપણે સંચિત કરીશું એ જ આપણી સાથે રહેશે, આવશે, ઇશ્વરના સાક્ષાત્કાર સુધી - **ડો. રાધાકૃષ્ણન**

બોધ કથા

સુખ-દુઃખ, શાંતિ-અશાંતિ, ધન-સમૃધ્ધિમાં નથી. આપણા સ્વભાવમાં છે જે ધીરજ-શાંતિ-સંતોષ હોય અને આનંદ જ છે અસંતોષ અને ઇર્ષા હોય તો ગમે તેટલી આપણી પાસે સમૃધ્ધિ હશે છતાં ક્યારે શાંતિનો આનંદ નહીં મળે.

બે પટેલ ભાઇઓ - સમૃધ્ધ પિતાના અવસાન પછી જુદા પડ્યા. ઘર-જમીન-ઢોર-ઢાંખર, ઘર-વખરી બધાંનાં સરખાં ભાગ પાડ્યાં. બે ભાઇ તો ઉદાર હતા. ક્યાંક ઓછું-વત્તુ લાગવા ન દીધું.

ઘરમાં બાપ-દાદાના વખતની માટીની 'કઢાઇ' હતી. જૂના સમયમાં ખીચડી-શીરો-લાપશી માટીના વાસણમાં થતાં એમાં 'મિટાસ' વધારે આવતી. આ કઢાઇ ઘી પી-પીને રીઢી થઇ ગઇ હતી. એમાં શીરો થતો પણ સ્વાદિષ્ટ.

એ કઢાઇ દેરાણીએ પસંદ કરી લીધી. જેઠે નાનાભાઇને કહ્યું તું રાખ! ને જેઠાણીનું હૃદય ઉકળી ઉઠ્યું, તે વખતે તો કંઇ વિરોધ થઇ શકે એમ જ નો'તું પણ સારે-માઠે પ્રસંગે શીરો-લાપશી બનાવવાનો પ્રસંગ આવે અને નવી કઢાઇમાં 'શીરો' હલાવતાં એનું ચિત્તડું પણ વલોવાઇ જતું. 'શીરો' કે 'લાપસી', કોઇ પણ મિષ્ઠાન એને ઝેર જેવાં કડવાં લાગતાં..

આટલી બધી સમૃધ્ધિ-સરખે ભાગે મળી પણ 'સંતોષ' ન થતાં માટીની કઢાઇમાં સંતાપ સેકાતો રહ્યો!!

જસ્ટિસ કાટજૂની આ વેદના એક સાચકલાં શુભચિંતકની વેદના છે, એ પોતાની જાતને 'રેશનાલિસ્ટ' ભલે ને કહેવડાવે પરંતુ એમનાથી મોટો રેશનાલિસ્ટ દીવો લઈને શોધવા નીકળીએ તો પણ જડવો મુશ્કેલ છે, લગે રહો જસ્ટિસ કાટજૂ!

કબીર અને અખાએ એમની કડવી વાણી દ્વારા સમકાલીન સમાજમાં ફેલાયેલી અંધશ્રધ્ધા દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો, ક્યારેક નર્મદે પણ એનો 'ડાંડિયો' પીટીને સમાજને જગાડવાનો પુરૂષાર્થ કર્યો હતો

વિવાદાસ્પદ નિવેદનો અને સ્પષ્ટ વક્તવ્યો માટે જાણીતા પ્રેસ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના ચૅરમેન જસ્ટિસ માર્કંડેય કાટજૂ સામે એમનાં એક ખાસ વિધાનને મુદ્દે ભારે વિવાધ સરજાયો છે. એમણે કહ્યું હતુ કે ભારતની નેવું ટકા પ્રજા 'બેવકૂફ' છે; એને સાચું અને ખોટું શું - એની ખબર જ નથી પડતી. પોતાના દેશની પ્રજાને મૂર્ખ કહેવાથી એમને આનંદ થોડો થવાનો હતો? તેઓ કહે છે કે મને મારા દેશ બાંધવો પ્રત્યે અપાર પ્રેમ છે. પરંતુ જે સત્ય છે છે તેનો તો એકરાર કર્યે જ છૂટકો. પ્રજા જે દેશને મહાન બનાવી શકે, અને આ દેશ ખરેખર એની સદીઓ પૂર્વે હાંસલ કરેલી સર્વોત્કૃષ્ટ ઊંચાઈ ત્યારે જ આંબી શકે જયારે પ્રજા એની મૂર્ખતાને સમજણપૂર્વક છોડવા તૈયાર થયા. માર્કંડેય કાટજૂ ઈલાહાબાદના સંભ્રાન્ત કાશ્મીરી પંડિત પરિવારનું ફરજંદ છે. આ પરિવારનો દેશનાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ ફાળો રહ્યો છે. પરંતુ તરૂણ માર્કંડેયને, શહેરી સમાજમાં રહ્યાં રહ્યાં સાચા ભારતની ઓળખ શક્ય નથી - એ વાતનો અણસાર આવતાં એ ગામડામાં જઇ - રહી એનો પ્રત્યક્ષ અનુભવ લઈ આવ્યાં. એમણે વકીલાત શરૂ કરતાં અગાઉ થોડાં વરસ શિક્ષક તરીકે પણ કામ કર્યું. આમ માર્કંડેય કાટજૂએ પોતાની જાતને બરાબર તાવ્યા તપાવ્યા પછી જ ન્યાયક્ષેત્રે પગરણ માંડ્યાં હતાં. તેમણે બચપણથી જ વાંચનનો મહાવરો રાખ્યો હતો. એથી એમને સાહિત્યના સૌંદર્યબોધનો પણ લાભ સાંપડ્યો. એમનાં વ્યક્તિત્વમાં બધાં પાસાં રસાયેલાં હોઈ એ કોરા ન્યાયશાસ્ત્રી નથી લાગતા. એમનામાં કાણાને કાણો કહેવાની તાકાત અમસ્તી નથી આવી. એ એમનાં ગંભીર ચિંતન, મનન અને અધ્યવસાયની ફલશ્રુતિ છે. તેઓ જે બોલે છે તે 'સત્ય' બોલે છે. પછી સામી વ્યક્તિને, સમાજને કે સરકારને એ ભલે કડવું લાગે. એમને ગોળ ગોળ બોલી સામા માણસને ગોળ ગોળ કરતાં નથી આડવતું, એક રીતે આવા નિર્ભેળ સત્યવક્તા આજના જમાનામાં દીવો લઈને શોધવા નીકળીએ તો પણ જડે કે કેમ એ પ્રશ્ન છે.

સત્ય બોલનારને સહન કરવું પડતું હોય છે. એથી સ્તો ઉપનિષદકાર પણ વચલો રસ્તો બતાવે છે : સત્યમ્ અપિ પ્રિયમ્ બ્રૂયાત્ । એટલું ઓછું હોય એમ એ પુનરાવૃત્તિ કરે છે : ન બ્રૂયાત્ સત્યમ્ અપ્રિયમ્ । સાચું પણ પ્રિય લાગે તેવું બોલવું; સાચું છતાં કડવું લાગે એવું ન બોલવું. વાલ્મિકી રામાયણનો મારીચ પ્રસંગ યાદ આવી જાય. મારીચ પાસે રૂપ બદલવાની માયાવી વિદ્યા છે. આમ સગપણની રૂએ તો રાવણનો એ મામો છે. પરંતુ રાવણ રાજા છે. રાજાનો હુકમ માન્યે જ છૂટકો. સીતાનું હરણ કરવા માટે પંચવટીની કુટીરમાં એને એકલી પાડવી જરૂરી છે. સુવર્ણમૃગનું છદ્મરૂપ ધારણ કરીને મારીચ દંડકારણ્યમાં ભ્રમણ કરે અને સીતાની નજરે ચડે તો સ્ત્રી સહજ પ્રલોભનવશ સીતા જરૂર રામ આગળ હઠ લેશે : જાઓ, પેલા સુવર્ણ મૃગનો શિકાર કરી આવો; મને એના સોનેરી ચર્મનો કંચવો પહેરાવો!

આખરે મારીચને તો બેઉ તરફ મારવાનું જ હતું. સુવર્ણમૃગ બનીને દંડકવનમાં જાય તો રામના હાથે મરવાનું હતું. રાવણના હુકમનો અનાદર કરે તો પણ મૃત્યુદંડ જ મળવાનો હતો. ભારે હૈયે એણે રાવણની આજ્ઞા માથે ચડાવી તો ખરી, પરંતુ 'ડાઇંગ ડિકલેરેશન' નોંધાવતો હોય એમ જતાં જતાં હૈયે હતુ એ હોઠે આણી જ દીધું : હે રાજા, સતત સારૂં લગાડનારા, મીઠું મીઠું બોલનારા તો તને ઘણા મળી રહેશે; પણ અપ્રિયસ્ય ચ પથ્યસ્ય વક્તા શ્રોતા ચ દુર્લભાઃ - કડવું અને છતાં હિતકારક એવું કહેનાર પણ ભાગ્યે જ મળશે અને એવું સાંભળનાર પણ મળવો મુશ્કેલ! જસ્ટિસ માર્કંડેય કાટજૂ આવું 'કડવું' અને 'હિતકારક' બોલવા ટેવાયા છે, તેથી અવારનવાર એ વિવાદમાં ફસાતાં રહે છે. ભારતની નેવું ટકા પ્રજા મૂર્ખ છે, એવું નિવેદન કરવાથી એમનો અહમ્ સંતોષાય છે, એવું ના માનશો, ભારે વેદના સાથે એમને આવાં વેણ ઉચ્ચારવાં પડ્યા છે. આપણી દેશી ગુજરાતીમાં એક સરસ કહેવત છે : કડવા બોલું માવતર ને મીઠા બોલું લોક. 'લોક' એટલે બાકીની દુનિયા - જેને આપણા શ્રેય કે પ્રેય સાથે સાથે સ્નાનસૂતકનો સંબંધ નથી. એ શું કામ આપણને માઠું લગાડે? માવતરના પેટમાં આપણું દાઝતું હોય એટલે એ જ કડવી શિખામણ કડવી વાણી, કવિ લોક લહેકામાં કહે છે : 'કડવાં કારેલાંના ગુણ ન હોય કડવા/કડવા વચન ન હોય કડવાં જી રે!' નરસિંહ મહેતાને કહેવું પડ્યું હતું : એવા રે એવા અમે એવા રે, તમે જેવા કહો છો તેવા રે!' રૂઢિચુસ્ત સમાજની પ્રસ્થાપિત પરંપરા તોડીને હરિજનવાસ ભજન કરવા જનાર મહેતાજીને નાગરી ન્યાતે નાતબહાર મૂક્યા હતા, છતાં એમણે સાચું લાગ્યું તેને સળગી રહેવાનું જ ઉચિત માન્યું હતું.

કડવાં વચન
ન હોય કડવા જી રે !
- કેશુભાઇ દેસાઇ

જસ્ટીસ માર્કંડેય કાટજૂનાં કડવાં વેણ જીરવવાની લાયકાત નહીં ધરાવતાં લખનૌ નિવાસી બે ટાબરિયાંએ કાટજૂ સામે નોટિસ પાઠવીને એમને પોતે કરેલા બેજવાબદાર નિવેદન બદલ માફી માગવા જણાવ્યું છે. ન્યાયમૂર્તિ માફી માગે એ વાતમાં માલ નથી. પેલાં ટાબરિયાંએ એમને એક મહિનાની મુદત આપી છે. જો તેઓ 'બુધ્ધિશાળી' ભારતવાસીઓની માફી નહીં માગે તો એમને કોર્ટમાં ઢસડવાની ધમકી પણ આપી છે. નોટીસ પાઠવનાર તરૂણોએ જસ્ટિસ કાટજૂના આવા બેફામ નિવેદનથી દુનિયામાં ભારતીય પ્રજાજનોની ઉજળી છબિ ખરડાશે એવી દહેશત વ્યક્ત કરી છે. એથી દેશની નવી પેઢીને મળનારી તકો પણ પર વિપરિત અસર પડવાની સંભાવના ખરી જ વળી!

કબીર અને અખાએ એમની કડવી વાણી દ્વારા સમકાલીન સમાજમાં ફેલાયેલી અંધશ્રધ્ધા દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. ક્યારેક નર્મદે પણ એનો 'ડાંડિયો' પીટીને સમાજને જગાડવાનો પુરૂષાર્થ કર્યો હતો.

કડવાં વેણ બોલીને પ્રજાને સાચે માર્ગે દોરવાનો પ્રયાસ કરનારા જૈન મુનિ તરૂણ સાગરજી એમનાં 'કડવાં પ્રવચનો' માટે જાણીતા છે. આપણી પ્રજામાં કડવું ખાવાની કે સાંભળવાની ક્ષમતા ઘણી ઓછી છે. છતાં ધર્માત્યક્ષો કડવું બોલે ત્યારે શ્રધ્ધાળુઓ મૂંગે મોંએ, નીચી મૂંડીએ સાંભવી લે છે. તરૂણ સાગરજીનાં કડવાં પ્રવચનો સાંભળવા અમદાવાદ ખાતે એમના ચાતુર્માસ દરમિયાન ખાસ્સી ભીડ જામી હતી. મુખ્યમંત્રી પણ એમને સાંભળવા અને એમનાં કડવા આશીર્વાદ લેવા દોજી ગયા હતા! કડવું બોલનારાને પોતાની વાત સાંભળનારૂં હંમેશાં મીઠું લાગતું હોય છે. જસ્ટિસ માર્કંડેય કાટજૂની કે મુનિ તરૂણસાગરની મુખાકૃતિના હાવભાવ જુઓ તો સમજાશે કે એમના મનનાં ભંડકિયામાં કેટલા વિષાદ ભરેલો છે! એમને જ ફરિયાદ છે તેના મૂળમાં પોતે કલ્પેલી દુનિયા કરતાં વાસ્તવિક દુનિયા કંઈક જુદી જ હોવાથી પ્રતીતિ થયા પછીની સ્વાભાવિક પ્રતિક્રિયા પડેલી છે.

જસ્ટિસ માર્કંડેય કાટજૂ સરકાર, પ્રેસ અને ન્યાયપ્રણાલીથી લઈ મીઠા અને રીઢા રાજકારણીઓ અને નજીવા સ્વાર્થ ખાતર ઝમીર વેચતી આમ પ્રજાસુધી પ્રસંગે લબડધક્કે લેતા રહ્યા છે. એમની દલીલોમાં ખાસ્સું વજૂદ પણ વરતાય છે. દાખલા તરીકે તેઓ આપણાં તંત્રમાં ફેલાયેલાં વ્યાપક ભ્રષ્ટાચારની વાત કરે છે, ત્યારે લાંચ લેનાર કરતાં લાંચ આપનાર વધારે મોટો ગુનેગાર છે - એવું તારણ કાઢે છે. બે હજાર જેવી નાની રકમ લઈને આ દેશનો સામાન્ય માણસ કોમી હુલ્લડ ફેલાય તેવું કારસ્તાન કરવા તૈયાર થઇ જાય ત્યારે એને માટે 'બેવકૂફ'થી વધારે બંધબેસતું કૉમ્પ્લિમેન્ટ ભાગ્યે જ જડી શકે. દેશની પ્રજા ધર્મ-સંપ્રદાયો અને કર્મકાંડો પાછળ જિંદગીનાં મહામૂલાં વર્ષોનાં વર્ષો વેડફી નાખે છે. એ જ્યોતિષ પાછળ અને વાસ્તુના નામે ચાલતા ગપગોળા પાછળ એમની પરસેવાની કમાણી વેડફતી રહે છે. માર્કંડેય કાટજૂ ગરીબીને આ દુનિયાનો સૌથી મોટો અભિશાપ માને છ. પણ એ ગરીબી કોઈ તંત્ર-મંત્ર કે ગ્રહોનાં અનુષ્ઠાનથી દૂર થઈ શકે નહીં. એ તો સાચી દિશાના વિવેકસભર પુરૂશાર્થથી જ મિટાવી શકાય. ભારતના નેવું ટકા લોકો જો ગરીબીથી લઈ શારીરિક રોગોના ઈલાજ તરીકે તંત્ર-મંત્ર અને જ્યોતિષનો આશરો લેતા રહેતા હોય તો એમને 'બેવકૂફ' જ કહેવા જોઈએ. જસ્ટિસ કાટજૂની આ વેદના એક સાચકલાં શુભચિંતકની વેદના છે. એ પોતાની જાતને 'રેશનાલિસ્ટ' ભલે ને કહેવડાવે પરંતુ એમનાથી મોટો રેશનાલિસ્ટ દીવો લઈને શોધવા નીકળીએ તો પણ જડવો મુશ્કેલ છે. લગે રહો જસ્ટિસ કાટજૂ! અંધકારમાં અટવાઈ ગયેલા પ્રજાને તમારા જેવા ટૉર્ચ-ધારીઓની જરૂર તો છે જ.

ટોપા, ટોપી પહેરી કે નહીં?

છે ને આઈડિયા અફલાતુન, હેલમેટ ધરીને બેસી રહેવાનું, નળનું પાણી ટપકે તો બાલદી મુકીયે છીએ એમ જ, નાક ગળે તો હેલમેટ, એ પણ માથાની એક ટોપી જ છે ને ?

આપણે ટોપાઓ, ટોપીઓ કે ટોપુઓ? ...ખલાસ! લ્યો... આવ્યો શિયાળો... બિસ્તરા પોટલા બાંધીને ઠંડી લાવ્યો. અને આપણે બધું કામ બાજુ ઉપર મુકી દઇએ. અંગત કામ પણ અને વ્યસ્ત?

પણ... કયા કામમાં?

દેખાતું નથ ટોપા, માથા ઢાંકવામાં.

વરસાદ વરસેને ખુલ્લાં ગોડાઉનોનાં માલ બગડી જાય એમ જ. અરે! મુન્નીને સ્કાફ બાંધી દ્યો. ને સ્વીટુને ટોપી. દાદા બુમરાણ મચાવી દે, કોઇ શોધી આપો બુઢીયા ટોપી. (ખાનદાની આદત છે, પરંપરાથી ચાલી આવે છે) મીના સ્કાફ બાંધી લે, ને બા સાડી માથે ઓઢે છે? ...હવે તો બાઓ પણ ક્યાં સાડલા વાળી છે? ડ્રેસના દુપટ્ટા બાંધી લે.. ઘેર-ઘેરથી વઘારની સુગંધ પ્રસરે એમ બુમરાણ મચે, ટોપી, ટોપા... માથે બાંધ, માથે બાંધ, માથે બાંધ્યું કે નહીં? અલા, શિયાળાની સવાર, ફુલગુલાબી ઠંડીને માણવા તો દે, પણ ના, જો ટોપી ના પહેરી તો તો ઘરના બધાં છેક સાતમા માળેથી ભુસકો મારવા તત્પર બને. એ પડતાં પહેલાં ટોપીઓ કસીને બાંધે. તમને ખબર ન હોય તો કહીં દઉં કે ટોપીની અંદર કાનપેટી તો હોય જ. ઉપર ટોપી, ને ટોપી પડતાં પવનમાં ઉડી ન જાય એ અર્થે કંઇકનું કંઇ બાંધે, જીવ પણ ટોપી ન જવી જોઇએ, પાછળ કોઇને કામ લાગશે. મરતાં મરતાં ય જીવ બળે બીજા ઉપર ને પાસ ટોપી અર્થે જ.

ધૂપસળી ધુણાવે આકાશ
- ગિરા પિનાકીન ભટ્ટ

અને પાડોશમાં બુમરાણ મચી ગઇ, અરે બાપા! સાતમા માળેથી નહીં, છઠ્ઠા માળેથી, મારી વાત સાંભળો, પાંચમા માળેથી, ને પેલા ઉંદર સાત પૂંછડી વાળા જ પેઠે છેલ્લે 'પહેલા માળેથી પડો... વાત ત્યાં આવીને અટકે. પેલો જે તે વ્યક્તિ બોલો સાવ પાણીમાં જ બેસી જાય કે નહીં? પછી તો એ પહેલા માળ પણ ઉતરી જશે અને ટોપીઓ પહેલી ગેલેરીનાં બે પગથિયાં કૂદશે... જો... જો... હવે ફાઇનલ, કૂદૂં છઉં જ. તું/તમે જોતાં રહીં જશો. ત્યાં તો એક ટેણીયું પાંચ પગથિયાં કૂદી ચાલતું થઇ ગયું. સાવ ટોપી વિનાનું. ભલા માણસ, ટોપી ન પહેરીએ તો ઘરમાં ચારેકોર ચાંપલાંઓ છે. ન કરે નારાયણ ને શરદી થઇ જાય તોં તો... ઘરની એકે'ક વ્યક્તિ પેલાને ધોઇ જ નાખે, મફ્લર બાંધતો નથી, ટોપી પહેરતાં શરમ આવે છે? સ્કાફ બાંધતી નથી, માથું ઢાંકતાં શું જોર આવે છે? કોઇના કહ્યામાં જ નથી, આગવી જાહી છે, કે ડાહ્યો છે. અરે! ઘરની એકે'ક વ્યક્તિ બોલવે, ને બાકી રહ્યું ગયું હોય એમ પેલું બાર મહિનાનું બચુડિયું એ બોલે. શું કરવુ, સાલું ક્યાં જવું? અને છેવટે આ બધી મગજમારીમાં પડવું એના કરતાં ટોપી કે ટોપામાં પડવું સારૂં.

આમ નાક ચાડીયું થાય, ને પથારી ફરી જાય એના કરતાં ટોપી સારી. પણ આપણી તકલીફો ક્યાં ઓછી છે? ટોપી પહેરવા જેટલા શૂરા નથી એટલી પહેરાવવામાં શુરા છીએ... હું તમને ને તમે બીજા કોઇને, એમ આખા ભારતભરમાં રાજ ચાલે છે, કદાચ બારણાની સાંકળો બનાવવાનો આઇડિયા લુહારને આ ટોપીઓ પહેરાવવામાંથી મળ્યો હશે? ચાલો ચોવીસ કલાક ટોપી પહેરી રાખી પછી પણ શરદી થઇ જાય તો... તો ભોગ તારા, આવું ય પૂછવાનું ? આ તો કોઇ આઇડિયા હોય તમારી પાસે.

છે ને આઇડિયા અફલાતુન, હેલમેટ ધરીને બેસી રહેવાનું, નળનું પાણી ટપકે તો બાલદી મુકીયે છીએ એમ જ, નાક ગળે તો હેલમેટ, એ પણ માથાની એક ટોપી જ છે ને? ભોગ લાગ્યા તે આ ટોપી શોધી. સવાર સવારમાં કૂતરાંને ભસવાનું કારણ મળી જાય. પાછાં સમજવાનું, સાંભળવાનું નામ જ ન લે. અલા... ટોપી પહેલી છે એટલે નહીં સંભળાય એવી ભૂલ ન કર. મેર મુઆ... આમ ભસવાનું બંધ કર... કંટાળીને દૂધવાળાએ કૂતરાને ટોપી પહેરાવી દીધી, અને ટોપી ન નીકળી જાય એ અર્થે ઉપર મફ્લર બાંધી દીધું.

હાલો ને જોવા જઇએ રે...' એ પંક્તિ સરી પડી, પણ પેલા રાજાના કુંવર ક્યાં શોધવા જવાં? રાજા, વાજા ને વાંદરા, ટોપી ન પહેરે. રાજા મુગટ પહેરતા... કોણ જોવા ગયું છે? દૈવનો ભા. પણ તમે પેલા વાંદરાને ટોપી વાળી વાત સંભળાવી હશે. વાંદરાઓને હવે ટોપીમાં બીલકુલ રસ નથી. હેલમેટમાં જ એવું પણ નથી. ગુલાટો મારવામાં ટોપી ક્યાંક પડી જાય. ખુરશી પણ ચીપકી રહેવાનું હોય તો બીજી વાત છે. આ ટોપી, ખુરશી, ચીપડી રહેવાનું, ગુલાટો મારવાની... રાજકારણની વાત કરવી જ નથી, છતાં... માહોલની અસર આવી જાય છે.મિત્રો, ટોપી પહેરતાં પહેરતાં શીખો, પહેરાવવા જવાની ઉતાવળ ન કરો. ડિસ્કવરી, એનીમલ પ્લેનેટ, નેશનલ જિયોગ્રાફી, જુઓ છો! યુરોપના દેશોમાં બારેમાસ બર્ફીલા પ્રદેશોમાં બધા મોટા ભાગે ટોપી વિનાના ફરે છે, ને આપણે બધાં સાફા, ફાળિયામાંથી ટોપી પર ઉતરી આવ્યા. ગાંધીએ ક્યાં ગાંધી ટોપી પહેરી રાખી? એમણે તો ટોપીની મર્યાદાઓ સંપૂર્ણ જાળવી. ગાંધીના મલકમાં ટોપી ન ઉછાળો, પહેરો પણ પહેરાવો નથી... ચાલો... આવજો.... એ. ય હાક્ છી... આ શરદી થઇ ગઇ. આ લખવાનું પડતું મેલી દોડવું પડ્યું...

ક્યાં? ટોપી પહેરવા, જી ના! ટોપી પહેરાવવા.

સુધારો

"શબ્દ સેતુ" વિભાગમાં તા. ૮-૧૨-૨૦૧૨ અને તા. ૧૫-૧૨-૨૦૧૨ ના અંકમાં 'પિતા પુત્રની સ્મરણ વીથિકા' લેખકના લેખક શ્રી પ્રવીણ ગઢવી છે. જે નામ શરતચૂકથી રહી જવા પામેલ છે.

ચૂંટણી અંગેના કાયદા અને ગુનાની સરળ સમજૂતી

(ભાગ-૨) **- અશ્વિન વી. ત્રિવેદી, એડવોકેટ**

ગયા અંકમાં ચૂંટણીના લગતા ગુનાઓ અને તે અંગે નામદાર કોર્ટ દ્વારા થનાર સજાની સમજૂતી મેળવેલ જેમાં પોલીસ અધિકારના ગુનાની સમજૂતી આપેલ. આજે પોલીસ અધિકાર બહારના નોન કોન્ગ્નિઝબલ ગુના અંગેની સમજૂતી મેળવીએ.

ચૂંટણી સંદર્ભમાં જુદા જુદા વર્ગો દ્વારા આપસમાં દુશ્માનવટને, ઉત્તેજન આપનારને ત્રણ વરસની કેદ અથવા દંડની, અથવા તો બંને શિક્ષા થઇ શકે છે.

ચૂંટણીના ઉમેદવારીપત્રમાં ખોટું સોગંદનામું રજૂ કરવામાં આવે તો અગરનો ખોટી માહિતી આપવામાં આવે તો છ માસની કેદની અથવા દંડની અથવા તો બંનેની શિક્ષા કરવામાં આવે છે.

ચૂંટણીના દિવસના આગલા દિવસે અને ચૂંટણીનાં દિવસે જાહેરસભાઓ ઉપરનાં પ્રતિબંધનું ઉલ્લંઘન કરનારને બે વરસની કેદ અથવા દંડ અથવા બંને શિક્ષા કરવામાં આવે છે.

ચૂંટણીમાં પત્રીકાઓ - પોસ્ટરો વગેરે છાપવા ઉપર નિયંત્રણો મૂકવામાં આવે તો તે બે બાબતનું ઉલ્લંઘન કરવામાં આવે તે વ્યક્તિને છ મહિના સુધીની કેદ અથવા બે હજાર રૂપિયા સુધીનાં દંડની જોગવાઇ છે.

મતદાનના ગુપ્તતા જાળવવાની જોગવાઇના ઉલ્લંઘન - માટે ત્રણ માસની કેદ તેમજ દંડ અગર તો બંને સજા થઇ શકે છે. મતદાન મથકોમાં અથવા તેની નજીક મતદારને ત્રાસ થાય કે અધિકારીના કામમાં દખલ રૂપ થાય તેવા ગેરવહિવટીય ડિસ ઓર્ડરલી વર્તન માટે ત્રણ મહિના સુધીની કેદ અથવા દંડ અથવા તે બંનેની શિક્ષા થઇ શકે છે. મતદાન માટેની કાર્યવાહીમાં મતપત્ર લઇ મતદાન કરવા માટે કરાવેલી કાર્યરીતીનું ઉલ્લંઘન કરે તો મત રદ્દ થઇ શકે છે. પ્રિસાઇડીંગ ઓફિસને આ બાબતે અધિકાર આપેલ છે. કોઇ વ્યક્તિ મતદારને રીઝવવા, વાહનો ભાડે રાખે અથવા મેળવે તે ગેરરીતી માતે ત્રણ માસના દંડની જોગવાઇ છે.

સરકારી નોકરીમાં હોય તે વ્યક્તિ ચૂંટણી એજન્ટ મતદાન એજન્ટ તરીકે કામ કરે તો ત્રણ માસની કેદ અથવા દંડ અગર તો બંને શિક્ષાને પાત્ર ઠરે છે. ધંધો વેપાર કે ઉધોગિક સાહસ સાથે સંકળાયેલ સ્થાનોમાં નોકરી કરનાર મતદારને માલીકે પગારમાં કપાત કર્યા વગર રજા આપવાની હોય છે. અને જો પગારમાં કપાત રજા આપવાની હોય છે. અને જો પગારમાં કપાત કરે, અગર રજા ના આપે તો બદલ માલિકને રૂા. પાંચસો સુધીનો દંડ થઇ શકે છે.

ચૂંટણીના આગલા દિવસે અને ચૂંટણીના દિવસે મતદાનના વિસ્તારમાં દારૂ કે નશાયુક્ત પદાર્થોનું વેચાણ કરવું, કે તે આપવા અથવા તેની વહેંચણી કરવા ઉપરની પ્રતિબંધની જોગવાઇના ઉલ્લંઘન માટે છ માસની સજા અને દંડ અગર તો બંને શિક્ષા થઇ શકે છે. દંડની રકમ બે હજાર સુધી કરી શકે છે. કોઇ કાયદા હેઠલ ગુનાઓની પોલીસ તપાસ ઇન્સાફી કાર્યવાહી અને અન્ય કાર્યવાહી માટે તેની રીતની જોગવાઇ કરવામાં ન આવી હોય ત્યારે ક્રિમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ ની જોગવાઇઓ અનુસાર કાર્યવાહી કરવાની રહે છે.

ચૂંટણી સંબંધિત ગુનાઓમાં ઈપીકો. (ઇન્ડિયન પીનલ કોડ) હેઠળ લાંચ, ચૂંટણી વખતે ખોટું દબાણ કરી ગેરવ્યાજબી લાગવગ વાપરવી, કોઇનાં બદલે કોઇ વ્યક્તિ વોટ આપવા બાબતના ગુના માટે દોષિત ઠરે તે વ્યક્તિ તેમજ લોકપ્રતિનિધિત્વ ધારા હેઠળ ચૂંટણી સંબંધમાં કોઇ વ્યક્તિ જાતિ, ધર્મ, જ્ઞાતિ, કોમ અથવા ભાષાને કારણે ભારતના નાગરિકોમાં જુદા જુદા વર્ગો વચ્ચે દુશ્માનવટની અથવા ધિક્કારની લાગણીઓ ઉત્તેજે અથવા તેમ કરવાની કોશિશ કરવાના ગુના માટે કે મતદાન મથકમાંથી મતપત્રો ખસેડવાના ગુના માટે દોષિત થરે કે ચૂંટણી સંબંધી અમુક ગુનાઓ માટો દોષિત વ્યક્તિને છ વર્ષ સુધી સંસદ કે રાજયની વિધાનમંડળના સભ્ય તરીકે પસંદ થવા અને રહેવા માટે ગેરલાયક ગણવાની જોગવાઇ પણ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ કરવામાં આવી છે. આ અધિનિયમમાં ગુનાઓની તપાસ કે ઇન્સાફી કાર્યવાહીની રીતની જોગવાઇ ફોજદારી કાર્યરીતી અધિનિયમની જોગવાઇ અનુસાર કાર્યવાહી કરવામાં આવે છે.

અને શાંત, સલામત, નિર્ભય વાતાવરણમાં મુક્ત રીતે ચૂંટણી યોજી લોકશાહીના આ મહાપર્વ સલામત અને શાંતિથી ઉજવાય તેવા કાયદાનું પાલન ચુસ્ત રીતે કરવામાં આવે છે.

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૬મી ડિસેમ્બર

- ભારતીય લશ્કરનું ઉજ્જવળ પાસુ - ૧૯૭૧ની ૧૬મી ડિસેમ્બરે બાંગલાદેશને પાકિસ્તાનના ત્રાસમાંથઇ મુક્ત કર્યો. આજે ૯૦,૦૦૦ જેટલાં સૈનિકોએ ભારતનાં લેફ. અરોરા સમક્ષ શરણાગતિ સ્વીકારી. બાંગ્લાદેશ વિજય દિન તરીકે ઉજવાય છે.
- અંગ્રેજી ભાષાનો શબ્દકોષ, ધી લાઇઝ ઓફ ધ પોએટ્સના સર્જક શબ્દકોશકાર, ડો. સેમ્યુઅલ જહોનસનની પુણ્યતિથિ ૧૬-૧૨-૧૭૮૪.
- રાજકુમાર કોલેજ - રાજકોટનું ઉદ્ઘાટન ગવર્નર સર સેમોરો ફિટ્ઝ જીરાલ્ડે કર્યું - ૧૮૭૦.



- ૧૭૭૦ - જગવિખ્યાત સંગીતકાર બીથોવનનો જન્મ.
- ૧૭૭૫ - પ્રખ્યાત અંગ્રેજ લેખિકા જેન ઓસ્ટિનનો જન્મ.
- ૧૯૨૪ - અંગ્રેજી કાવ્યોના ખ્યાતનમા કવિ પ્રો. નિસ્સીન ઇઝેકી એલનો જન્મ.
- ૧૯૧૫ - ગુજરાતી નાટકોનાં દિગ્દર્શક ચંદ્રવદન ભટ્ટનો જન્મ.
- ૧૩૩૬ - અલ્લાઉદ્દીન ખીલજીનું અવસાન.